## અપહરણ, લુંટ વીથ મર્ડરના ચકચારીત ગુનામાં છેલ્લા બાર વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી સુરત શહેર ક્રાઈમ બ્રાંચ

સુરત શહેર વિસ્તારમાં ગંભીર પ્રકારના ગુનાઓના નાસતા ફરતા આરોપીઓને સત્વરે પકડી પાડવા ક્રાઈમ બ્રાંચના પો.સ.ઈ. તેમની ટીમના માણસો સાથે સુરત શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. દરમ્યાન મળેલ હકીકત આધારે સુમુલ ડેરી રોડ પાર્સલ ઓફીસની સામે જાહેર રોડ પરથી આરોપી:-મુસ્તુફા ઉર્ફે મુર્તુજા કુરેશ મોતીવાલા ઉ.વ.૩૭ રહે. મુંબઈ વિરાર વેસ્ટ સાંઈબાબા મંદિર રોડ સામે મુંબઈ. (મહારાષ્ટ્ર)નાને પકડી પાડેલ છે. સદર આરોપી મહીધરપુરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૨૫૬/૨૦૦૬ ઈ.પી.કો.ક.૩૦૨,૩૬૪,૩૯૬,૨૦૧,૧૨૦(બી), ૧૭૭,૩૪,૭૫ મુજબના ગુનામાં નાસતા ફરતો હોય તેના વિરુધ્ધમાં નામદાર કોર્ટમાંથી CRPC- કલમ-૭૦ મુજબનું વોરંટ ઈસ્યુ થયેલ હોય જેથી આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આરોપીનો કબજો મહીધરપુરા પો.સ્ટે. માં સુપરત કરેલ છે.

સદર ગુનો તા.૨૩/૦૯/૨૦૦૬ ના ક.૨૦/૦૦ વાગ્યે બનેલ. જે તા.૨૭/૦૯/૨૦૦૬ ના રોજ નોંધાયેલ. જે ગુનાના કામે હકીકત એવી છે કે, સદર ગુનાના ફરીયાદીશ્રી, પંકજકુમાર દેવીદાસ ગુરવ રહે.૧૦૫, ગુરૂનગર સોસાયટી જલારામ મંદિર પાસે સારોલીગામ. તા.ચોર્યાસી જી.સુરત નાઓના મોટા ભાઈ ઈન્દ્રજીતભાઈ ગુરવ નાઓની ટવેરા ગાડી નં.MH-15-E-6331 ની શિરડી જવાનાં બહાને ભાડે કરી હાલ અટક કરેલ આરોપી અને તેના સાગરીત જગદીશ ઉર્ફે જગીયા, જયપ્રકાશ ઉર્ફે બચ્ચી યાદવ, અજય જયસ્વાલ, ધવલ, મહેશ ભુજલાલ નાઓએ ખુન કરવાના ઈરાદે પુર્વ આયોજીત કાવત્રુ રચી અપહરણ કરી લઈ જઈ ઈન્દ્રજીતભાઈના બન્ને હાથપગ દોરી વડે બાંધી ગળામાં પ્લાસ્ટીકની દોરી બાંધી મોઢા ઉપર સેલોટેપ લગાડી મોત નીપજાવી, નાસીક જતા રોડ ઉપર આવેલ ઓજલખેડ ગામ પાસે રોડની સાઇડમાં ખાડામાં લાશ ફેંકી દઈ, મરણ જનારનો નોકીયા કંપનીનો મો.ફોન કિ.રૂ.૩૫૦૦/- તથા ટવેરા ગાડી નંબર MH-15E-6331 કિ.રૂ.૭,૦૦,૦૦૦/- તથા મરણ જનારનું ડ્રાયવીંગ લાયસન્સ તથા જરૂરી કાગળોની લુંટ ધાડ કરી, પુરાવાનો નાંશ કરી, ગુનો કરેલ જે ગુન્હો વણશોધાયેલ હોય, જે ગુનહો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.